જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૭/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી ૫૬૧ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૩,૪૯,૦૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૦૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૮ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોથા માળેથી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૦૯/૧૬**

**માધવપુરા** : દીપીકાબહેન વા/ઓ કિરનભાઇ પરમાર (ઉ.વ.૨૦)(રહે,ન્યુ માણેકચોક ઔડાનાં મકાનમાં, પાંચ માળીયા, અસારવા પુલ નીચે, ઇદગાહ, માધવપુરા) તા.૧૫/૭/૧૬ બપોરના ૩/00 વાગ્યાના સુમારે પોતાના સાસરીનાં ઘેર કપડાં સુકવવા જતાં, ચોથા માળેથી નીચે પડી જતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૭/૧૬ રાતનાં ૯/૪૫ વાગે દિપીકાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.નિનામા ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૧૦/૧૬**

**સાબરમતી : સીતાબહેન રામનયન નિશાન** (ઉ.વ.૩૦)(રહે,રમણભાઇની ચાલી, એચ.ડી.ડેપોની પાસે, કાળીગામ, સાબરમતી) તા.૧૩/૭/૧૬ સાંજના ૭/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ચાલુ પ્રાઇમસમાં કેરોસીન ભરવા જતાં, અચાનક ભડકો થતાં, પહેરેલ સાડીમાં આગ લાગતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૭/૧૬ રાતના ૯/૪૦ વાગે સીતાબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશ માનસિંહ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૩૧૧/૧૬**

**સેટેલાઈટઃ** મીનાબહેન હિમતલાલ હડીયા (ઉ.વ.૧૪)(રહે.રાજીવનગર વિભાગ-૪ મહાદેવના મંદિર સામે સેટેલાઈટ) તા.૯/૭/૧૬ પહેલાથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ ટોપ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. જમણા હાથના કાંડા નીચે છુંદણાથી એમ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩)





Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **સરદારનગરઃ** સપનાબહેન દેવાનંદ બુઢાણી (ઉ.વ.૨૪)(રહે. મહાદેવનગર માયા સિનેમા પાસે કુબેરનગર સરદારનગર) તા.૨૭/૬/૧૬ કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આછા લીલા રંગની નાઈટી અને કાળા રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **ચાંદખેડાઃ** મયુર મહેન્દ્રભાઈ ડાભી (ઉ.વ.૨૨) (રહે.વૈષ્ણવદેવી ફ્લેટ ચાંદખેડા) તા.૨૨/૬/૧૬ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગના પેન્ટ-શર્ટ પહેર્યા છે. બન્ને હાથે છુંદણા કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **રામોલઃ** બચુભાઈ મફતલાલ પટેલ (ઉ.વ.૪૬)(રહે. ત્રિવેણી પાર્ક સહજાનંદ સ્કૂલની બાજુમાં મહાદેવનગર વસ્ત્રાલ) તા.૨૪/૬/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સિલેટીયા રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૧૦ ઇંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |
| **રખિયાલ :** કામિનીબહેન ગાભુભાઈ ભરવાડ (ઉ.વ.૧૬) (રહે.છાપરા નંબર-૨ ની પાછળ સ્લમ ક્વાર્ટર્સ સુખરામનગર રખિયાલ) તા.૧૬/૬/૧૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કેસરી રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરી છે. કપાળના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(રખિયાલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૪૩૬૦૯) |  |
| **નિકોલઃ** જયેશભાઈ કનૈયાલાલ સથવારા (ઉ.વ.૩૬)(રહે.શાકુંતલ બંગલોઝ શુકન ચાર રસ્તા નિકોલ) તા.૨/૭/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ખોડીયારનગર ચાર રસ્તા નજીકથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. પેન્ટ-શર્ટ પહેર્યા છે. જમણા ગાલ ઉપર લાખુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)